દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬

દેશના ભ્રષ્ટ અધિકારીઓના પાપે ક્યાં સુધી બાળકોની લાશ ઉપાડતા રહેવું પડશે?

દિલ્હીના સત્ય નિકેતન વિસ્તારમાં રવિવારે એક 5 માળની ઇમારત ધરાશાયી થઈ ગઈ. જેમાં એક વિદ્યાર્થીનું મોત થયું છે. જ્યારે, 3 ગંભીર રીતે ઘાયલ છે. ઇમારતમાં પીજી ચાલે છે. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, દુર્ઘટના સમયે વિદ્યાર્થીઓ રૂમમાં હતા. 5 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જોકે, હજુ સુધી એ જાણી શકાયું નથી કે કાટમાળમાં કેટલા બાળકો ફસાયા છે. ઘટના બપોરે 1:30 વાગ્યાની છે. સ્થાનિક લોકો હથોડા વડે કાટમાળ હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. કાટમાળમાં કેટલીક ગાડીઓ પણ દબાઈ ગઈ છે. રિપોર્ટ્સ અનુસાર, કાટમાળની બાજુમાં એક અન્ય ઇમારત પણ પડવાની સ્થિતિમાં છે. પરંતુ લોકોને ત્યાંથી બહાર કાઢી લેવામાં આવ્યા છે. પ્રાથમિક અહેવાલ પ્રમાણે આ પીજી હોસ્ટેલ જર્જરીત હાલતમાં હતી. તો ભ્રષ્ટતંત્રના આંખે પાટા બાંધ્યા હતાં. દેશમાં અનેક દુર્ઘટનાના ખપ્પરમાં વિદ્યાર્થીઓ હોમાઇ ગયા છે. ત્યારે હવે ફરી તપાસ સમિતિ રચીને નાટક ચાલુ થશે. કેટલાક અધિકારી સસ્પેન્ડ થશે. અને પરિસ્થિતિ ફરી જૈસે થે થઇ જશે. તો શું વર્ષોથી તંત્રના પાપે થતાં વિદ્યાર્થીઓને આપણે ક્યાં સુધી શ્રદ્ધાંજલિ આપતા રહેશું. જે લોકો પોતાના હકની લડાઇ નથી લડી શકતા તેઓ જીવીત છે તો પણ કોઇ ફેર પડતો નથી કારણ કે, તેઓ જીવતી લાશથી ઓછું કંઇ જ નથી. માટે જાગો અને હકની લડાઇ લડો નહીં તો ભ્રષ્ટ અધિકારીઓ અને રાજકારણીઓના પાપે આવા અનેક બાળકોની લાશ ઉપાડવી પડશે. ભારતમાં વિદ્યાર્થીઓ સાથે બનેલી દુર્ઘટનાઓ પર એક નજર કરી તો આ વાત 1995ની છે અને તે હરિયાણા ડબવાલી અગ્નિકાંડની છે. 23 ડિસેમ્બર 1995ના રોજ રાજીવ મેરેજ પેલેસમાં ડી.એ.વી. (DAV) પબ્લિક સ્કૂલના વાર્ષિક કાર્યક્રમ દરમિયાન જનરેટરમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આ ભયાનક દુર્ઘટનામાં 400થી વધુ લોકોના મોત થયા હતા, જેમાં આશરે 170 વિદ્યાર્થીઓ (બાળકો) સામેલ હતા. કુંભકોણમ શાળા અગ્નિકાંડ તમિલનાડુમાં સર્જાયો હતો. 2004 16 જુલાઇ 2004ના રોજ શ્રી કૃષ્ણા મિડલ સ્કૂલની અગાસી પર બનાવેલા છાપરામાં આગ લાગવાથી પ્રાથમિક વિભાગના 94 માસૂમ બાળકોના મોત થયા હતા. 2014માં હિમાચલ પ્રદેશમાં બિયાસ નદી દુર્ઘટના બની હતી. 8 જૂન 2014ના રોજ હૈદરાબાદની VNR એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓ મનાલી પ્રવાસે ગયા હતા. લાર્જી ડેમમાંથી અચાનક પાણી છોડવામાં આવતા બિયાસ નદીમાં 24 વિદ્યાર્થીઓ તણાઇ ગયા હતા. ગુજરાતની વાત કરીએ તો સુરત તક્ષશિલા અગ્નિકાંડનો ઉલ્લેખ અવશ્ય કરવો જ પડે. 24 મે 2019ના રોજ સુરતના સરથાણા વિસ્તારમાં આવેલા તક્ષશિલા આર્કેડના ચોથા માળે ચાલતા ડ્રોઇંગ ક્લાસીસમાં (કોચિંગ સેન્ટર) ભયંકર આગ લાગી હતી. આ દુર્ઘટનામાં 22 વિદ્યાર્થીઓના મોત થયા હતા. ઘણા વિદ્યાર્થીઓએ જીવ બચાવવા બિલ્ડીંગ પરથી કૂદકો માર્યો હતો. 2024માં વડોદરામાં હરણી તળાવ દુર્ઘટના સર્જાઇ હતી. 18 જાન્યુઆરી 2024ના રોજ વડોદરાની ન્યૂ સનરાઇઝ સ્કૂલના બાળકો હરણી તળાવ (મોટનાથ લેક) ખાતે પ્રવાસે ગયા હતા. બોટની ક્ષમતા કરતા વધુ વિદ્યાર્થીઓને પૂરતા લાઇફ જેકેટ વગર બેસાડવાને કારણે બોટ પલટી ગઇ હતી, જેમાં 12 વિદ્યાર્થીઓ અને 2 શિક્ષકોના ડૂબી જવાથી મોત થયા હતા. તો 2024માં જ રાજકોટમાં ગેમઝોનમાં આગ લાગતા 27 લોકોનાં મોત થયા હતાં તેમાં 13 બાળક હતાં. તો હવે અહીં પ્રશ્ન એ થાય છે કે ક્યાં સુધી આપણે બાળકોની લાશ ઉપાડતા રહેવું પડશે? દેશની જનતાનો અધિકાર માત્ર મત આપવાનો નથી. મત આપ્યા પછી ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાસે જવાબ માંગવાનો પણ છે. નહીં તો ચૂંટણી જીતી લીધા પછી પ્રતિનિધિઓને પાંચ વર્ષ સુધી મનમાની કરવાનો પરવાનો મળી ગયો છે તેવું સાબિત થઇ જશે. અધિકારીઓ પાસે સારી રીતે કામ કરાવવાની જવાબદારી જનપ્રતિનિધિઓની છે. એટલે આજથી જ જાગી જવાનો સમય આવી ગયો છે.

સ્વાધ્યાયથી નીપજેલો, વિવેચન પરંપરાને સમૃધ્ધ કરતો અભ્યાસ

કિશોર વ્યાસ, શરીફા વીજળીવાળા, ભરત મહેતા, રાજેશ પંડ્યા, કિરીટ દૂધાત, નરેશ શુકલ જેવા વડે પપ્રત્યક્ષ વિવેચનક્ષેત્રે એક નવી પેઢી ઊભી થઇ એવું જરૂર કહી શકાય અને સાથે જ પ્રશ્ન થાય કે સુરેશ જોષી પછીની આ ત્રીજી પેઢીનાં વિવેચનકાર્યનાં વિશેષો, લક્ષણો ઓળખાવી આપવા હજુ પણ કેમ બાકી છે ? ચન્દ્રકાન્ત ટોપીવાળા, શિરીષ પંચાલ, સુમન શાહ જેવાએ આ કામ કરવું જોઇતું હતું. વિવેચનની આપણી જે કાંઇ પરંપરા છે, જે કાંઇ પરિપાટી ઊભી થઇ છે તેમાં આ વિવેચકોનાં કાર્યોમાં પ્રગટ થયેલા નવોન્મેષ તારવી આપવા જરૂરી પણ છે. ખેર! આવા અફસોસની અહીં જગા નથી. આ તો કિશોર વ્યાસનાં અભ્યાસલેખોનાં સંગ્રહ 'તાત્પર્ય'માંથી પસાર થતાં જાગેલો એક મનોભાવ છે. કિશોર વ્યાસે તો વિવેચન ઉપરાંત સાહિત્યિક પત્રકારત્વ અને સૂચિકાર્ય ક્ષેત્રે જે કામ કર્યું છે તે અત્યંત શ્રમસાધ્ય તો છે જ પણ આ દિશામાં બહુ ઓછા કામ કરે છે એવું સમજાતાં તરત કિશોર વ્યાસના અભિગમનો મહિમા વધી જાય છે. આવા પ્રકારનું ગાંભીર્ય આજે ઓછું જોવા મળે છે. કિશોર વ્યાસમાં જે વિવેચનશિષ્ટ અને સજ્જતા છે એ પણ હવે ઓછી થતી જતી વસ છે. 'તાત્પર્ય'ના લેખોને તેમણે ત્રણ ખંડમાં વિભાજીત કર્યા છે. 'વિવેચન-અભ્યાસ' હેઠળ પાંચ લેખ, સાહિત્યિક પત્રકારત્વ અભ્યાસ હેઠળ બીજા પાંચ અને 'પત્ર સાહિત્ય અભ્યાસ' હેઠળ ચાર લેખ. છેલ્લે 'કેફિયત' પ્રથમ ખણનો પ્રથમ લેખ વિવેચક રમણ સોનીનાં વિવેચનકાર્ય, રીતિ, અભિગમ અને વલણને સૂક્ષ્મ નિરીક્ષા સાથે તપાસે છે. રમણ સોની સમા વિવેચકના કાર્યને તપાસવાનું સાહય ઓછા કરે કારણ કે તેમાં એક પડકાર અનુભવાય. કિશોર વ્યાસનાં એ લેખનું શીર્ષક છે, 'વિવેચક રમણ સોની' વિધાયક નિર્ભીકતા અને મર્મિકતા' કિશોર વ્યાસનાં પંદરેય લેખોનાં શીર્ષક આ રીતે જોઇ જવા જેવા છે. લેખમાં જે કહેવાયું તેનું મર્મોદ્‌ઘાટન કરવા સાથે વિવેચકે એ લેખસામગ્રી વિશે જે કહેવું હોય તે તરફ દૂરબીનદર્શિતાભાવે વાચકને નિમંત્રે. રમણ સોનીનાં વિવેચનની વિભાવના કેવી છે?, 'વિવેચન કેવું હોય? એનો વિવેચક પાસે સ્પષ્ટ જવાબ છે. વિદ્યાતપવાળું અને નરવું. નિખાલસ અને પ્રામાણિક' (2) રમણભાઇનાં જ શબ્દોમાં વિશ્વભરનાં સાહિત્ય, કલા અને વિવેચનનાં આસ્વાદન પરિશીલનથી રસાયેલી (ને અલબત્ત, પોતાની સમજનો તંતુ પરોવાયેલો રાખતી) દૃષ્ટિથી થતું વિવેચન એક મહત્વના બિંદુએ આપણને સ્થિર કરે. એ બિંદુ તે વિવેચનનો આનંદ, વિવેચન લખનાર માટે પણ તે એને વાંચવા-સમજવા જનાર માટે પણ.રમણ સોની પર અઠ્ઠાવીસ પૃષ્ઠનો આ લેખ છે અને સમગ્રતાલક્ષી અધ્યયન સાથે, આગવા નિરીક્ષણો વડે હેતુસિધ્ધ કરી છે. લેખ વાંચતા રમણ સોનીએ જે કામ કર્યું છે તે તો આદર જન્માવશે જ પણ કિશોર વ્યાસની વિશદતા પણ પ્રભાવીત કરશે. આ કામ કરતાં તેઓ સ્વયં પોતાના ગુરુની શૈલીનું અનુકરણ સિધ્ધ કરે છે ને તેમાં રમણ સોનીની વિવેચના નવી પેઢીને પણ કેવી રીતે ઘડે છે તેનું ઉદાહરણ પ્રાપ્ત થશે.

તાત્પર્યના બધા અભ્યાસ લેખ વાંચતા એવું સમજાશે કે કિશોર વ્યાસ એવા અનેક વિવેચ્ય મુદ્દા આજના પરિપ્રેક્ષ્યમાં રજૂ કરી રહ્યા છે જે ચુકાય રહ્યા છે. જેમ કે બીજો જ લેખ છે. ગુજરાતી ભાષા સંજ્ઞા (Literary Terms) વિચાર: નહીં તપે તે શેનો ભાણ? કિશોર વ્યાસ પરિભાષાના વજન વિના ઘણીવાર પ્રત્યાજ્ઞાતી વાણીમાં મુદ્દા નોંધે છે ને તે વખતે તેમના મનમાં ગુજરાતી વિવેચનનો વર્તમાન સંદર્ભ રહે છે. સઘળી જગ્યાએ પારિભાષિક સંજ્ઞાઓના કામ કરનારને એકલો જાને રે પંક્તિ હોઠ અને હૈયે રાખીને કામ કરવાનું આવ્યું છે કહ્યા પછી નર્મદ નવલરામ, રમણભાઇ નીલકંઠ,



પુસ્તક : તાત્પર્ય (અભ્યાસ લેખો)
વિવેચક : કિશોર વ્યાસ **પ્રકાશક :** ઝેન ઓપસ, અમદાવાદ,
કિંમત : રૂા.૩૫૦/-

ગોવર્ધનરામ, ઉમાશંકર, સુરેશ જોશીથી માંડી આ દિશામાં કામ કરનારાઓને જે જે મથામણો કરી છે તેને એકબીજામાં જોડી આપી છે અને છેલ્લે સવાલ કરે છે કે આપણે ત્યાં સિક્ષાંતે કમિશ્નો લગભગ દરેક વખતે ઉત્તર સુઝાયો છે. હરિદ્વતા એ દરિદ્વતાને ફેડવા આપણે પરિભાષાઓમાં જરાક અમથો રસ પણ ન દાખવીએ? જરા જેટલું પણ તેજ તો બતાવીએ નહીં તપે તે શેનો ભાણ?

કિશોર વ્યાસ અધ્યાપક છે અને કોલેજના આચાર્ય છે એટલે જે અભ્યાસ લેખો અહીં પ્રગટ થયાં છે તે ક્યાં કોઇ પરિસંવાદ નિમિત્તે તૈયાર થયા છે ક્યાં કોઇ સામયિક માટે લખાયેલા છે. આપણે ત્યાં અધ્યયન અભ્યાસની મોકળાશ આવા ઉપક્રમો વડે જ પ્રાપ્ત થાય છે. પણ વિવેચકનું સામાજીક ઉત્તરદાયિત્વ સમજવું જરૂરી છે. આ શીર્ષક હેઠળનો લેખ આપણા વિવેચક અને વિવેચનનાં અધ્યયન સંદર્ભ સાથે અત્યંત મહત્ત્વનાં મુદ્દાઓ ઊભા કરે છે. સાહિત્ય મૂલ્યોનજા જતન સાથે જ વિવેચકો જે વાતાવરણમાં કામ કરે છે તેનો પણ વિચાર તેમાં થયો છે. ઉત્તમ વિવેચકોને પણ પ્રકાશકો કેમ નથી મળતા. આ વિષય પરિસ્થિતિમાં કેવી રીતે લેખન ચાલુ વિવેચકને કઇ આસ્થા સમાજધર્મી રાખવામાં નિમિત્ત બને છે તેની માંડણી કરી લેખનું સમાપન કરતાં કિશોર વ્યાસ સમ-ભાવી વાંચકને વિવેચન ક્ષેત્ર વિચારતા કરે છે.

'તાત્પર્ય'માં અત્યંત સઘનભાવે લખાયેલા દીર્ઘ લેખો છે તેની પર નજર કરતાં તરત એવો વિચાર ઝબકી જશે કે આજકાલ આ રીતે લાંબી લેખણે મુદ્દા કરવાની સજ્જતા ધરાવતા વિવેચકો ઘટી રહ્યા છે. 'કલ અને બજાર' જેવા મુદ્દાને આજે કોણ ચર્ચશે? કેટલીક કવિતા નિમિત્તે સર્જકધર્મની વાત બહુ સરસ રીતે અહીં થઇ છે. પુસ્તકમાં કોઇ એક પ્રકારે લખાયેલા લેખો નથી. કેટલાક ગ્રંથોની સમીક્ષા થઇ છે તેમાંય કિશોર વ્યાસ ગ્રંથસામગ્રીના આધારે સંપાદકની દ્રષ્ટી અને સંપાદકીય સામગ્રી જે ઉપલબ્ધ કરાવે છે તેના આધારે આગવા નિરીક્ષણો કરે છે. જયંત મેઘાણીએ ઝવેરચંદ મેઘાણીનાં એ સાહિત્ય-વિષયક લખાણો જે 'કલમ અને કિતાબ' નામના વિભાગ નિમિત્તે થયેલા તેનુ 'પરિભ્રમણ ખંડ-૧,૨' શીર્ષક હેઠળ સંપાદન કરેલું અલબત્ત, તેમા બીજા લખાણો પણ શામિલ છે. છે તો નવસંસ્કરણ પણ જયંત મેઘાણી સંપાદક તરીકે તેમાં કેવાં કેવાં ઉમેરણ કરે છે તેની વિગતે નોંધ કરી છે અને આ સંપાદકીય શ્રમમાં ગૌરવને આગળ કરી એવી ટિપ્પણ પણ કરી લે છે જે જરૂરી છે: ' આડેધડ થતાં સંપાદનોમાંથી પસાર થતો કોઈ જિજ્ઞાસુ મુંઝાઈને કંટાળે ત્યારે આ બંને ખંડ એના કરકરકમળમાં ધરવા જોઈએ. સંપાદન તે આ સંપાદકનું ખરું કામ તે આ.' સાહિત્યિક પત્રકારત્વની નીપજ છતાં મેઘાણી શું કામ કરે છે તેની નોંધ આપણામાં સદ્ભય અંજલીભાવ ઉમેરી દે છે. મેઘાણી પાસે નગ્ન અવલોકનની માંગણી કરનારા સર્જકની વાત માંડી કિશોર વ્યાસ મેઘાણીના સ્વસ્થ વિવેકની નોંધ કરે છે, ' પોતાના અભિપ્રાય માટે સુવર્ણતુલાના સમતોલપણાનો એ જેમ દાવો કરતા નથી તેમ મૂછે વળ દેવા જવા મિથ્યાભિમાનનો એ વિષય બની શકે એમ પણ માનતા નથી.' સાહિત્યિક પત્રકારત્વનો અભ્યાસ તો આમ પણ ' તાત્પર્ય' કારનો વિશેષ રહ્યો છે અને એ માટે અહીં જે પાંચ લેખ સમાવાયા છે તેને આ પ્રકાર વિશેષની દળદાર ગ્રંથ સમૃધ્ધિ તરીકે ય ઘટાવી શકો. અહીં બધા લેખો વિશે નોંધવું મુશ્કેલ છે પણ છેલ્લે જે ' અપૂર્ણતા અને અજંપાની વચ્ચે - કેફિયત' આલેખી છે તેમાં કિશોર વ્યારની યાત્રા છે. અને અજંપો છે, ' વિવેચનમાં પાયાના જ્ઞાનસાધનોની ખોટ તરફ આપણી ઉદાસીનવૃતિનો મને હંમેશા રંજ રહે છે. આટઆટલી મહાશાળાઓ, અધ્યાપકો અને સતત ચાલતાં રહેલાં સંશોધનો છતાં શાસ્ત્રશુધ્ધ માહિતી ઊભી કરવા તરફ આપણે પ્રયત્નો કર્યા નથી.' ' તાત્પર્ય એક સમૃધ્ધ 'અભ્યાસ ગ્રંથ છે અને કિશોર વ્યાસ અધ્યયન સજ્જતા સાથે વિવેચન કરે છે તે તમને સુ.જો. પછીની ત્રીજી પેઢીના મહત્વના વિવેચક તરીકે સ્થાપે છે.

અક્ષરની આરાધના
સંપાદનઃ બકુલ ટેલર

આખા વિશ્વમાં ભારતનાં જે વસ્ત્રોદ્યોગની બોલબોલા હતી તેનું ગૌરવ ને વર્ચસ્વ કેમ હણાયું?

સુરતની મુખ્ય ઓળખ વસ્ત્રોદ્યોગ છે અને તેનો કમસેકમ બે-ત્રણ સદીનો ઇતિહાસ છે અને છતાં તેની વિવિધ પરંપરા, વસ્ત્રોનાં પ્રકારો, તેના વ્યવસાય-વ્યાપારનું માળખું કેવું હતું અને કેવું છે, વસ્ત્રોદ્યોગમાં કેવા કેવા કારીગરો કેવી કારીગરી વડે વસ્ત્રોનો મહિમા કરતા હતા તેનો અભ્યાસ બાકી છે. આવા સંજોગોમાં એક પુસ્તક પ્રગટ થયું છે - 'ધાગાઓમાં વણાયેલું સ્વાભિમાનઃ બ્રિટિશ શાસન સામે ભારતીય વણકરોનો સંઘર્ષ.' એક સંશોધનાત્મક, ઐતિહાસિક દસ્તાવેજી અભ્યાસ તરીકે ઓળખાવાયેલું આ પુસ્તક સાચે જ એક જુદા અભ્યાસ અને રાષ્ટ્રપ્રેમનાં ભાવે થયેલા આલેખનને કારણે વાંચવા-અભ્યાસવા લાયક બન્યું છે. આખા પુસ્તકમાં એકની એક વાતનું ખૂબ જ રિપિટેશન છે છતાં લખતી વેળાની ઉલટ અને આગવા નિરીક્ષણોને કારણે પુસ્તક મહત્વનું બને છે. વણાટની પરંપરા ઠેઠ સિંધુ સંસ્કૃતિથી ચાલી આવે છે અને સત્તરમી-અઢારમી સદી દરમ્યાન તેના ઉત્કર્ષને કારણે ભારતીય વસ્ત્રોદ્યોગ ભારતની અર્થવ્યવસ્થામાં ખૂબ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવતો હતો. લેખકે આ હકીકત વારંવાર દોહરાવી છે અને બ્રિટિશરોના આગમનને જોતાં જોતામાં આ વણકર અને વણાટ પર ઘાત શરૂ થઈ. મિલ ઉદ્યોગ આવતાં ભારતમાં બનતા અનેક પ્રકારનાં વસ્ત્રો ભુલાવા માંડ્યા. લેખકે અત્યંત પીડા સાથે ને થોડી દસ્તાવેજી વિગતો સાથે આ નોંધ્યું છે. તેઓ આ સ્થિતિના પ્રતિકારને ગાંધીજી સાથે જોડે છે જેમણે ખાદીને અપનાવવા દેશવ્યાપક તંત્ર રચ્યું. તેમણે વિદેશી કાપડની હોળી અને સ્વદેશી વસ્ત્રોનો મહિમા કર્યો. નાથુ સોસાએ સ્વતંત્રતા આંદોલનની વાત ઠેઠ ૧૮૫૭ના બળવાથી આરંભી છે. વણકરોને દાદની પ્રથાનો ભોગ બનવું પડ્યું. આખા વિશ્વમાં વિખ્યાત ઢાકાની મલમલ પણ આ પ્રથાના કારણે ઊભા થયેલા શોષણમાં ગૌરવ ગુમાવવા માંડી. વણાટ ઉદ્યોગ બેહાલ થતાં દેશના વણકરોની દશા બગડી. આ બધી વાત અહીં બહુ વિગતે લખાયેલી છે. લેખકે ભારતીય સ્વતંત્રતા સંઘર્ષની સમાંતરે વણકરો ને વસ્ત્રોદ્યોગની વાત સમયક્રમે આગળ વધતા રહી માંડી છે. બાકી સુરત, ખંભાત, કાલિકટ, મછલીપટ્ટનમ, હુગલી અને અન્ય બંદરો પરથી ભારતીય વસ્ત્રોની



નિકાસ થતી અને લાખો પરિવારો માટે વસ્ત્રોદ્યોગ આજીવિકા હતો. લેખક-સંશોધક નાથુ સોસાએ સુરતના જરીવસ્ત્રો, મહારાષ્ટ્રની વિવિધ પ્રકારની સાડીઓ, ઉપરાંત ધોતી, પાઘડી, ગમછા વગેરેની વાત પણ કરી. પણ પાટણનાં પટોળાં, બનારસી સાડી, જમદાની, કાંચીપુરમ રેશમ, પશ્મીના, ચંદેરી, મહેશ્વરી સાડી વડે જે વસ્ત્રકલા સર્જાયેલી તેની વાત પોરસ ચડાવે એવી રીતે કરી છે.

લેખકનું નિવેદન છે કે, 'કરઘાની ટક-ટક માત્ર અવાજ નથી, તે ઇતિહાસની ધડકન છે. ધાગા માત્ર વસ્ત્રોને જોડતા નથી, સંસ્કૃતિ, સ્મૃતિ અને સ્વાભિમાનને પણ વણેલા રાખે છે.' ભારતીય વણકરો માત્ર કપડાં બનાવનારા કારીગરો નહોતા, તેઓ ભારતની આર્થિક આત્મનિર્ભરતા, લોક-સંસ્કૃતિ, સર્જનાત્મકતા અને સ્વાભિમાનનો જીવંત આધારસ્તંભ હતા. બ્રિટિશરોએ આપણું શોષણ કર્યું એનો સંદર્ભ વસ્ત્રસંસ્કૃતિની સર્જનાત્મકતા સાથે જોડી એક સરસ વિધાન કરે છે કે, 'શોષણ ક્યારેય સર્જનાત્મકતાને સંપૂર્ણપણે પરાજિત કરી શકતું નથી.' એક ઝંઝાવાતી નવલકથાની સામગ્રી પુસ્તકને વાંચનક્ષમ બનાવે છે. એઆઈનાં ઉપયોગથી અત્યંત રસપ્રદ ગ્રાફિક્સ પૃષ્ઠો ઉમેરીને પુસ્તકના પ્રોડક્શનને પણ રૂપકડું ને અધ્યયન સરળ બનાવ્યું છે. ૨૨ જેટલાં ગ્રાફિક્સમાં જે દૃશ્ય અને વિગતોની કાળજી લેવામાં આવી છે તે પણ અભ્યાસ માટે ઉપયોગી છે. આઝાદી પછી ભારત સરકારે હાથવણાટનાં વિવિધ પ્રકારોવાળાં વસ્ત્રો અને તેને બનાવનારાને સંરક્ષણ આપવા જે પ્રયત્નો કર્યા તેનોય પુસ્તકમાં ઉલ્લેખ છે પણ ગાંધીજીએ જે ખાદીક્રાંતિ અપનાવેલી તેનું શું થયું તે પણ કહેવું જરૂરી હતું. ખાદી સામાન્યજનનાં વસ્ત્રોનો ભાગ બનવાની હતી તે કેમ ફક્ત રાજનેતાઓની અને ભદ્રલોકોની મહિલાની થઈ ગઈ? નાથુભાઈ આ પ્રકારના અભ્યાસ-પુસ્તકને આગવા આકલન, નિરીક્ષણથી સમૃદ્ધ બનાવી શક્યા છે એ પહેલી વાત અને બીજી વાત તે એ છે કે વણકર અને વણાટ સંસ્કૃતિને કેમ ઘા થતા ગયા તે તેઓ શ્રમજીવી પ્રજા પ્રત્યેના સમભાવ અને સમવેદનાથી આલેખે છે. અહીં આપણને બંગાળની નવલકથા 'આરોગ્યનિકેતન' પણ યાદ આવશે. નાથુ સોસા જો ન લખતે તો ભારતીય વસ્ત્રોદ્યોગના અત્યંત મહત્ત્વનાં પ્રદાનને રાષ્ટ્રીય ગૌરવ સાથે યાદ કરવાનું કદાચ આ રીતે શક્ય બન્યું ન હોત. સુરત તો વસ્ત્રોદ્યોગનું વર્ષોથી આજ સુધી કલેજું છે ત્યારે આ પુસ્તક વધારે મહત્ત્વ સાથે વંચાવું જોઈએ.

પુસ્તકઃ ધાગાઓમાં વણાયેલું સ્વાભિમાન, **લેખકઃ** નાથુ સોસા,
પ્રકાશકઃ સૂર્યજીત પબ્લિકેશન્સ પ્રાઇવેટ લિમિટેડ **કિંમતઃ રૂા.૨૫૦/-**

હું પૂછું, તમે કહો

(૧) 'લગ્નસાગર', 'વ્યક્તિ ઘડતર' સહિત ૭૫ જેટલાં ગુજરાતી પુસ્તકોના લેખક ફાધર વાલેસ કે જેમને સચ્ચિદાનંદ સન્માન, ગુજરાત સાહિત્ય અકાદમીનાં પારિતોષિક ઉપરાંત પદ્મશ્રી સન્માન મળેલું તેઓ મૂળ કયા દેશના હતા?
(ક) સ્પેન (ખ) ફ્રાન્સ (ગ) જર્મની (ઘ) કેનેડા

(૨) ગુજરાતનાં સુપ્રસિદ્ધ સાહિત્યકારોમાંના ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર 'સુંદરમ્', કવિ પૂજાલાલ, નિબંધકાર કિશનસિંહ ચાવડા ઉપરાંત અંબુભાઈ પુરાણી જેમના વ્યક્તિત્વ અને દર્શનથી પ્રભાવિત થઈ પોંડિચેરી વસી ગયેલા, તે અધ્યાત્મ પુરુષ- દાર્શનિક કોણ?
(ક) ઓશો (ખ) મહર્ષિ યોગી (ગ) સત્ય સાઈબાબા (ઘ) મહર્ષિ અરવિંદ

(૩) ગુજરાતના એ બહુ જાણીતા શાયર જેમનું નામ અલી ખાન ઉસ્માન ખાન બલોચ હતું પણ તેમણે પોતાના ઉપનામ સાથે ગામનું નામ અટક તરીકે જોડેલું. કહો, એ ઉપનામ કયું?
(ક) સૈફ પાલનપુરી (ખ) મુસાફિર પાલનપુરી (ગ) શૂન્ય પાલનપુરી (ઘ) અમર પાલનપુરી

(૪) વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીના થોડો સમય ઉપકુલપતિ રહેલા એ કવિ જેઓ 'કવિતા' દ્વિમાસિકના તંત્રી પણ હતા અને ઇમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ.ના મેનેજિંગ ડિરેક્ટર પણ રહેલા. કહો કોણ એ કવિ-નિબંધકાર, સંપાદક?
(ક) સિતાંશુ યશશ્ચન્દ્ર (ખ) ઉપેન્દ્ર બક્ષી (ગ) ઉમાશંકર જોશી (ઘ) સુરેશ દલાલ

(૫) નયન હ. દેસાઈની સમગ્ર કાવ્યકૃતિ ગ્રંથનું શીર્ષક-નામ શું છે?
(ક) નયનનાં મોતી (ખ) મુકામ પોસ્ટ માણસ (ગ) સમંદર બાજ માણસ (ઘ) અનુષ્ઠાન

ક-૬, ૩-૨, ૨-૩, ૧-૪, ૫-ક

આ વખતનો શબ્દ છે : મોભો

સ્વાભાવિક રીતે જ તે મોભ પરથી ઊતરી આવ્યો છે. આજે તો સિમેન્ટ-કોંક્રિટનાં ઘરો છે તેમાં મોભ ન સમજાય પણ છાપરાવાળાં ઘરોમાં જે વચ્ચે મુખ્ય આધારરૂપ લાંબો થાંભલો હોય તે મજબૂત હોય, મોટો હોય ને તેના આધારે ઘર ટકેલું હોય. એ મોભ પરથી જે શબ્દ બન્યો તે 'મોભો'. જેનો અર્થ છે પ્રતિષ્ઠા, આબરૂ, દરજ્જો. આ મોભ શબ્દ પરથી જ મોભી શબ્દ પણ આવ્યો. - 'એ તો ઘરનો મોભી છે!' જે મોભ હોય તેણે ઘણો ભાર ઝીલવો પડે. તેના પર ઘણા ખીલાય ઠોકાય. ગામડાંમાં જાઓ તો 'મોભ' અને 'મોભી' શબ્દ તેના ઘણા અર્થમાં સમજાશે.

મોભનો બીજો અર્થ એ પણ છે–

આટાપાટાની રમતમાં દોરવામાં આવતી વચ્ચેની આડી દોરી, મુરદંગ. (જો કે હવે આટાપાટાની રમત પણ નષ્ટ થઈ, એટલે 'મોભ' કારણ વિના ન સમજાય એવો શબ્દ બનવા લાગ્યો છે. સમજો કે મોભ શબ્દનો મોભો નથી રહ્યો.

વચન

બહુ જ અભ્યાસ કરવો પડે છે, પોતાના જેવા બનવાને માટે.
વિલિયમ સારોયાન
અર્મેનિયાઈ-અમેરિકી લેખક

પ્રતિભા બીજું કંઈ નથી, બલ્કે પોતાની ઇચ્છાથી ફરી વાર મેળવેલું બાળપણ છે.
શાર્લ બોદલેર
ફ્રાન્સના કવિ

જેને આપણે નાયક (હીરો) કહીએ છીએ તે બીજો કોઇ નથી, બસ એક એવો માણસ છે જે યોગ્ય હોય તે કામ કરવાનો પ્રયત્ન કરે છે, જ્યારે એ કામ કરવું સાવ મુશ્કેલ હોય.
જી. વિલો વિલ્સન
અમેરિકન લેખિકા

જો તમે ક્યારેય રડતાં રડતાં ખાધું જ નથી તો તમને ખબર જ નથી કે જીવનનો સ્વાદ શું છે.
યોહાન ગટે
જર્મન કવિ-ગદ્યકાર

કોઈ માણસ પોતાની સાથે લડી ન શકે, જો લડે તો તેમાં તેણે એકને ગુમાવવાનું હોય છે.
માર્સિઓ વર્ગાસ લોસા
૨૦૧૦માં નોબેલ પારિતોષિક

સત્ય હંમેશા રૂપાળું, ગમે તેવું જ નથી હોતું પણ છતાં એવા સત્યની ભૂખ રહેવી જોઈએ.
નાદિન ગોર્ડિમેર
૧૯૯૧માં નોબેલ પારિતોષિક

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

મકાનો, દુકાનો, ઓફિસો ઓપનિંગ સ્થાનિક શિક્ષકો પાસે જ કરાવો

આજે એકવીસમી સદીના રજમા વર્ષમાં પણ આપણા દેશમાં શાળાઓ, શિક્ષણ અને સાચા શિક્ષકોની ખોટ વર્તાઈ રહી છે. આઝાદીના આઠ દાયકા બાદ પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પૂરતી શૈક્ષણિક સુવિધાઓનો અભાવ એક કડવી હકીકત છે. શિક્ષણનું સાચું મહત્ત્વ ક્યાંક ખોવાઈ રહ્યું છે, જોકે મુઠ્ઠીભર સંનિષ્ઠ શિક્ષકો આજે પણ શિક્ષકની ગરિમા જાળવીને ઊભા છે. સમાજમાં શિક્ષકનું સ્થાન માતા-પિતા જેટલું જ સન્માનનીય હોવું જોઈએ. વર્ગખંડમાં શિક્ષક માત્ર વિદ્યાર્થીઓને ભણાવતા નથી, પરંતુ દેશનું ભાવિ પણ ઘડે છે. આજે સમાજમાં જેટલા ડોક્ટરો, વકીલો, એન્જિનિયરો અને સફળ વ્યક્તિઓ છે, તેમની સફળતામાં માતા-પિતા સાથે શિક્ષકોનો પણ મોટો ફાળો છે. એક શિક્ષક હજારો ડોક્ટર, વકીલ કે એન્જિનિયર બનાવી શકે છે, પરંતુ આ બધા મળીને પણ એક સાચો શિક્ષક બનાવી શકતા નથી. શિક્ષકો વિદ્યાર્થીઓમાં જ્ઞાન સાથે સદાચાર, શિસ્ત, સ્વચ્છતા, એકતા, ભાઈચારો અને જવાબદારીની ભાવના વિકસાવતા હતા. શિક્ષણ એવું હોવું જોઈએ જે વ્યક્તિને જીવનની મુશ્કેલીઓ સામે લડવાની શક્તિ આપે અને પરિવાર, સમાજ તથા દેશ માટે ઉપયોગી બનાવે. આજે શિક્ષણ પ્રત્યેનો રસ ઘટી રહ્યો છે અને વિદ્યાર્થીઓમાં દિશાહીનતા વધી રહી છે. આ સ્થિતિ બદલવા માટે સંનિષ્ઠ અને પ્રતિભાશાળી શિક્ષકોને યોગ્ય સન્માન અને સ્થાન આપવું જરૂરી છે. વિકાસના દરેક શુભ કાર્યમાં ફિલ્મસ્ટાર કે રાજનેતાની જગ્યાએ સ્થાનિક શિક્ષકના હાથે મુહૂર્ત કરાવીએ તો શિક્ષક પ્રત્યેનું સાચું સન્માન થશે.
સુરત - અબ્બાસભાઈ કૌકાવાલા

લોકહૈયે વસેલા લોકગાયક - હેમુ ગઢવી

'હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ', 'ગામમાં પિયરિયું અને ગામમા